ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકેદની જાહેર અગત્યની બાબત પર માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોરતી સભ્યશ્રી જીગ્નેશકુમાર મેવાણીની સૂચના એટલે કે:-

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ખરોડીયા નજીક ધરોઇની પાણી પુરવઠા ની પાઇપ લાઇન તૂટતાં લાખો લીટર પાણી છેલ્લા પંદર દિવસથી વેડફાઇ રહ્યું છે. ત્યારે સ્થાનિકોને પીવાનું પાણી ન મળતા રોષ ફેલાઇ રહ્યો છે. પાણીનો બગાડ ન થાય અને સ્થાનિકોને પીવાનું પાણી મળી રહે તે માટે સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાં.

---

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનું નિવેદન તા ૧૫/૦૩/૨૦૨૧

---

બનાસકાંઠા જીલ્લાનો પશ્ચિમ ભાગ કચ્છના રણ ને અડીને આવેલ છે. જ્યારે ઉત્તર-પુર્વ ભાગ અરવલ્લીની ગિરિમાળા તળે ખડકાળ વિસ્તાર છે. બનાસકાંઠા જીલ્લાના વડગામ, ધાનેરા, પાલનપુર, દાંતીવાડા , ડીસા, થરાદ તાલુકામાં ભુગર્ભ જળ દ્વારા મેળવવામાં આવતા પાણીની ગુણવત્તા પ્રભાવિત થયેલ છે. જેથી જુથ યોજના મારફતે પાણી અપાય છે. જીલ્લાનો ઉત્તર પુર્વ વિસ્તાર ખડકાળ હોવાથી ત્યાં ઉંડા બોર શક્ય નથી. આથી સાદા કુવા/હેન્ડપંપ આધારીત પાણી પુરવઠો કાર્યરત છે.

વડગામ તાલુકો :-

વડગામ તાલુકામાં કુલ ૧૦૯ ગામો છે. જેનો સમાવેશ અલગ અલગ કુલ ૦૩ જુથ ૧) દાંતા-વડગામ-પાલનપુર જુથ ૨) વડગામ-મુકતેશ્વર જુથ ૩) પાલનપુર ગ્રામ્ય જુથ પાણી પુરવઠા યોજનામાં થયેલ છે. જે પૈકી ૫૪ ગામોને ધરોઇ જળાશય આધારીત વાવ તા.સતલાસણા જિ.મહેસાણા મુકામેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટમાં પાણીને શુધ્ધ કરીને આપવામાં આવે છે. તથા ૩૧ ગામોને મુકતેશ્વર જળાશય આધારીત મોકેશ્વર મુકામેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટમાં પાણીને

શુધ્ધ કરીને આપવામાં આવે છે, બાકી રહેતા ૨૪ ગામો સ્વતંત્ર પાતાળ કુવા આધારીત વ્યક્તિગત યોજનાનું પાણી મેળવે છે.

ધરોઇ જળાશય આધારિત પાલનપુર તાલુકા જુથ પાણી પુરવઠા યોજના તળેનાં ગોળા હેડવર્કસથી વડગામ તાલુકાનાં માલોસણા સેકશન તરફની ૩૫૫ મીમી ડાયાની એચ.ડી.પી.ઇ. પાઇપલાઇનમાં ખરોડીયા પાસે તા.૦૭.૦૩.૨૧ ના રોજ લીકેજ થવા પામેલ. જેની જાણ તા.૦૭.૦૩.૨૧ ના રોજ મરામત અને નિભાવણી ની એજન્સી ના સ્ટાફ મારફતે થતા સદર સેકશનનોં પાણી પુરવઠો તાત્કાલિક બંધ કરવામાં આવેલ,

લીધેલ પગલાં-

- લીકેજ રીપેરીંગની કામગીરી તા.૦૮.૦૩.૨૧નાં રોજ તાકીદે પુર્ણ કરીને પાણી પુરવઠો રાબેતા મુજબ કાર્યરત કરવામાં આવેલ છે.
- સદર સેક્શન નો પાણી પુરવઠો ૨૦ કલાક જેટલો બંધ રહેલ છે.
- સદર સેકશન ના ૬ ગામોની પાણી વિતરણ વ્યવસ્થા હવે પૂર્વવત કરેલ છે.

લેવા ધારેલ પગલાં-

જુથ યોજના આધારીત પાણી મેળવતા ગામોને જુથ યોજનાનું પાણી નિયમિત મળી રહે તે માટે જરૂરી તમામ પ્રયત્નો કરવામાં આવે છે. તથા આકસ્મિક બ્રેક-ડાઉન ના સંજોગોમાં તાકીદે રીપેર કરી પાણી પુરવઠો પુન: સ્થાપિત કરવામાં આવે છે. રાજ્ય કક્ષાએ "૧૯૧૬" ટોલ ફ્રી નંબર પણ પીવાના પાણીને લગતી કોઇ પણ ફરિયાદ માટે અમલી છે અને પીવાના પાણીના સપ્લાયમાં કોઇ વિક્ષેપ ન પડે તેના માટે તાત્કાલિક અને યુધ્ધના ધોરણે પુન:સ્થાપવાની વ્યવસ્થા કરવામાં આવે છે.